RNI. No.GUJGUJ/2014/56392

ક્રાઈમ કિંગ
Crime King Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. 43 ✳Date:12.02.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિએ વડાપ્રધાને ભાજપ કાર્યકરોને સંબોધ્યા

અમારી પાર્ટીમાં વંશવાદ નહીં કાર્યકર્તાઓને સ્થાન,રાજનીતિમાં પણ રાષ્ટ્રનીતિ સર્વોપરી

આત્મનિર્ભર ભારત બનવા તરફ આગળ વધ્યું ભારત,કોરોના કાળમાં દેશે અંત્યોદયની ભાવનાને સામે મૂકી,બહુમતથી સરકાર ચાલે છે, સહમતીથી દેશ

ન્યુ દિલ્હી,તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે જનસંઘના સંસ્થાપકોમાંથી એક રહેલા પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિના અવસરે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ભારતની વિદેશ નીતિ દબાણ મુક્ત થઈને રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી આગળ વધી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે એક એવી અર્થવ્યવસ્થાનો મંત્ર દીનદયાળજીએ આપ્યો, જેમાં સમગ્ર ભારત સામેલ રહ્યું.

પીએમ મોદીએ કહ્યું કે દીનદયાળ ઉપાધ્યાય સતત સમાજ અને આપણને પ્રેરણા આપવાનું કામ કરતાં આવ્યાં છે. દીનદયાળજીના વિચારોમાં દર વખતે નવી તાજગી જોવા મળે છે. વર્તમાન સમયમાં પણ તેમના વિચાર એટલા જ પ્રાસંગિક છે, જેટલા પહેલા હતાં.

પીએમ મોદીએ કહ્યું કે અમારી સરકારે નેતાજી સુભાષ ચંદ્ર બોસને લગતી ફાઈલો ખોલી, તેમને જે સન્માન મળવુ જોઈતું હતું તે અમારી સરકારે આપ્યુ. પીએમ મોદીએ કહ્યું કે કેટલાંક દિવસોમાં પાંચ રાજ્યોમાં ચૂંટણી છે, અમારે જનતા વચ્ચે જવાનું છે. દેશે અમારી નીતિ અને હેતુને પારખી, તેને લઈને અમે આગળ વધીશું. પીએમ મોદીએ બીજેપીના કાર્યકર્તાઓને કહ્યું કે આઝાદીના ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યાં છે, તેવામાં તમામ કાર્યકર્તા ૭૫ કામ જરૂર કરે અને તેનો હિસાબ રાખે.

પીએમ મોદીએ કહ્યું કે એક અમારી વિચારધારા દેશ ભક્તિની છે, અમારી રાજનીતિમાં પણ રાષ્ટ્રનીતિ સર્વોપરિ છે. પીએમ મોદીએ કહ્યું કે બહુમતથી ફક્ત સરકાર ચાલે છે, દેશ સહમતિથી ચાલે છે. અમે અમારા રાજનીતિક વિરોધીઓનું સમ્માન કરીએ છીએ. અમે પ્રણવ મુખર્જીને ભારત રત્ન આપ્યો, તરુણ ગોગોઈને પણ પદ્મ સમ્માન આપ્યુ. અમારી પાર્ટીમાં વંશવાદ નહી કાર્યકર્તાને સ્થાન આપવામાં આવે છે. પીએમ મોદીએ કહ્યું કે સત્તાની તાકાતથી તમને સિમિત સમ્માન મળી શકે છે. પરંતુ વિદ્વાનનું સમ્માન દરેક જગ્યાએ થાય છે. દીનદયાળ એક વિચાર લઈને આગળ વધી રહ્યાં હતાં, પરંતુ તે અન્ય વિચાર વાળાઓની સાથે પણ સહજ હતાં. દીનદયાળજીએ પોતાની પોલીટિકલ ડાયરીમાં નહેરૂજીની સરકારની આલોચના કરી હતી પરંતુ જ્યારે તે પુસ્તકને પ્રકાશિત કર્યુ ત્યારે તેમણે કોંગ્રેસ નેતા સંપૂર્ણાનંદ પાસે જ લખાવ્યુ.

પીએમ મોદીએ કહ્યું કે દીનદયાળ કહેતાં હતાં કે એક સબળ રાષ્ટ્ર જ વિશ્વનું કલ્યાણ કરી શકે છે, આત્મનિર્ભર ભારત પણ આનું જ ઉદાહરણ છે. કોરોના કાળમાં દેશે અંત્યોદયની ભાવનાને સામે મૂકી. કોરોનાકાળમાં ભારત દુનિયાને વેક્સીન આપી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે આજે ભારતમાં ડિફેંસ કોરિડોર, સ્વદેશી હથિયાર, તેજસ જેવા વિમાન પણ બની રહ્યાં છે.

રામ મંદિર નિર્માણ માટે મુસ્લિમો પાસેથી પણ ફંડ ઉઘરાવશે RSS

ન્યુ દિલ્હી,તા.૧૧

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે આરએસએસએ ફંડ ભેગુ કરવાના અભિયાનમાં મુસ્લિમ સમુદાયને જોડવાનો નિર્ણય કર્યો છે. સંઘ સાથે જોડાયેલા રાષ્ટ્રીય મુસ્લિમ મંચ નામના સંગઠને મંદિર માટે મુસ્લિમો પાસેથી પણ સહયોગ લેવાનો નિર્ણય કર્યો છે. શુક્રવારે રાષ્ટ્રીય મુસ્લિમ મંચના સંયોજક ઈંદ્રેશ કુમાર લખનઉંથી આ અભિયાનની શરૂઆત કરશે. તે શહેરમાં મુસ્લિમ સમુદાયના કેટલાક લોકો પાસેથી રામ મંદિર માટે યોગદાન માંગશે અને આ સાથે જ સંગઠનનું અભિયાન શરૂ થઈ જશે. આરએસએસ તરફથી ચલાવવામાં આવી રહેલા નિધિ સમર્પણ અભિયાનનો જ આ ભાગ હશે.

સૂત્રોનું કહેવુ છે કે આરએસએસ તરફથી રાષ્ટ્રીય મુસ્લિમ મંચને દેશના અન્ય ભાગથી પણ મુસ્લિમ સમુદાયથી યોગદાન લેવા માટે કહેવામાં આવ્યુ છે. આરએસએસના આ પ્રયાસને રામ મંદિર માટે ચાલેલી લાંબી કાયદાકીય લડાઈ બાદ કડવાશ દૂર કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યુ છે. આરએસએસના નજીકના સુત્રોએ જણાવ્યુ કે ઈંદ્રેશ કુમાર બે દિવસ સુધી લખનઉંમાં રહેશે અને રામ મંદિર નિર્માણ માટે રકમ ભેગી કરવાના ઈરાદે મુસ્લિમ સમુદાયના મુખ્ય લોકો સાથે મુલાકાત કરશે. આ દરમિયાન તે સમાજના કેટલાક અન્ય લોકોને પણ મળી શકે છે.

આરએસએસ તરફથી વિશ્વ હિન્દૂ પરિષદના મુખ્ય રીતે રામ મંદિર નિર્માણ માટે નિધિ સમર્પણ અભિયાનની જવાબદારી સોપવામાં આવી છે. આ અભિયાનની શરૂઆત ૧૫ જાન્યુઆરીથી થઈ હતી અને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાષ્ટ્રીય મુસ્લિમ મંચના રાષ્ટ્રીય સહ-સંયોજક મુરારી દાસે કહ્યુ, રામ મંદિર નિર્માણથી સમાજની દુષ્ટતા પણ સમાપ્ત થશે. જેનાથી ભારતના વિકાસને ગતિ મળશે અને સમાજના તમામ વર્ગોનો વિકાસ થઈ શકશે. મહત્વપૂર્ણ છે કે રાષ્ટ્રીય મુસ્લિમ મંચ કેટલાક વર્ષથી આરએસએસ તરફથી મુસ્લિમ સમાજ વચ્ચે કામ કરી રહ્યો છે. ટ્રિપલ તલાકને લઈને જાગૃતિ માટે પણ આ સંગઠને કામ કર્યુ હતું.

સુરતમાં ફાયર સેફ્ટીના અભાવે અડાજણના શ્રીજી આર્કેડની ૩૯૨ દુકાનો સીલ

સુરત,તા.૧૧



સુરતમાં આગ જેવી દુર્ઘટનાઓને પહોંચી વળવા પાલિકા દ્વારા કડક હાથે કામગીરી કરવાનું શરૂ કર્યું છે. શહેરમાં આગની બનતી દુર્ઘટનાઓને રોકવા અને પહોંચવી વળવા ફાયરબ્રિગેડ દ્વારા અગાઉ નોટિસ ફટકારવામાં આવી હોય છે. છતાં પણ ફાયર સેફ્ટી ઉભી ન કરાતા અડાજણમાં આવેલા શ્રીજી આર્કેટની ૩૯૨ દુકાનો સીલ કરી દેવામાં આવી છે.

અડાજણ વિસ્તારમાં આવેલા શ્રીજી આર્કેટમાં આ પહેલા પણ નોટિસ આપી સીલ માર્યા હતા. ત્યારે ફાયર સેફ્ટી ઉભી કરવાની બાંહેધરી આપવામાં આવી હતી. જોકે, ત્યારબાદ પણ ફાયર સેફ્ટી ઉભી કરી ન હતી. દરમિયાન ફાયર વિભાગ વધુ ત્રણ નોટિસ આપી હતી. છતાં ફાયર સેફ્ટી ઉભી ન કરતા આજે વહેલી સવારે ૫ અધિકારી અને ૨૮ ફાયર જવાનો દ્વારા શ્રીજી આર્કેડની ૩૯૨ દુકાનોને સીલ મારી દીધું હતું.

સુરતમાં તક્ષશિલા, રઘુવીર માર્કેટમાં આગની ઘટનાઓ અને અમદાવાદ, વડોદરા, રાજકોટમાં આગની ઘટનાઓને પગલે ફાયર વિભાગ દ્વારા સુરત શહેરની હજારોની સંખ્યામાં ફાયર સેફ્ટીની નોટિસો આપવામાં આવી હતી. ત્યાર બાદ નોટિસો સામે ફાયર સેફ્ટી ઊભી કરવા માટે એફિડેવિટ પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. જોકે હજુ પણ ફાયર સેફ્ટી ઊભી કરવામાં ન આવતાં ફાયર વિભાગે લાલ આંખ કરી છે.

તંત્રી સ્થાનેથી.....

મોંઘવારીની મારની વચ્ચે ગૃહણીઓ માટે માઠા સમાચાર મળી રહ્યા છે. ફરી એકવાર સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં તોતિંગ વધારો થયો છે. અમદાવાદમાં સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો થયો છે. આ ભાવ ઓલ ટાઈમ હાઈ થયા છે. કપાસ અને સિંગતેલના ડબાના ભાવ ઓલ ટાઈમ હાઈ પર છે. જેમાં અત્યારે સિંગતેલનો ડબ્બો ૨૪૮૦ અને કાપસિયા તેલનો ડબ્બો ૧૯૮૦ પર પહોંચ્યો છે. તો પામોલિન તેલના ભાવ અત્યારે ૧૭૨૫ અને સન ફલાવર ૨૧૭૦ રૂપિયે ડબ્બો પહોંચ્યો છે. આમ સિંગતેલ હોય કે કપાસિયા તેલ દરોજ તેના ભાવ પથી ૧૦ રૂપિયા સતત વધતા રહે છે. જેના કારણે અત્યારે ભાવ ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો છે. ૧ મહિનામાં સિંગતેલના ભાવ ૩૮૦ અને કપાસિયા તેલના ૨૮૦ જેટલા ભાવ વધ્યા છે. આમ તેલના ભાવ વધતા ગૃહિણીઓની રસોઈ ફિક્કી પડી છે. અત્રે નોંધનીય છે કે, મુંબઈ તેલબિયાં બજારમાં પણ આજે બેતરફી વધઘટ વચ્ચે ભાવ અથડાતા જોવા મળ્યા હતા. પામતેલમાં આજે હાજરમાં ૧૦ કિલોદીઠ હવાલા રિસેલમાં રૂ.૧૧૦૦થી ૧૧૧૦માં આશરે ૧૫૦થી ૨૦૦ ટનના વેપાર થયા હતા જ્યારે રિફાઈનરીના ડાયરેકટ ડિલીવરીમાં આજે ફેબ્રુઆરી માટે રૂ.૧૧૧૫માં આશરે ૨૦૦થી ૩૦૦ ટનના વેપારો થયા હતા.

તાપીમાં મહિલા આચાર્ય ૨૦ હજારની લાચ લેતા રંગે હાથ ઝડપાયા

તાપી,તા.૧૧

રાજ્યમાંથી લાંચના ઘણા બધા મામલાઓ એક બાદ એક સામે આવી રહ્યા છે. થોડા સમય પહેલા જ કલોલના નિવૃત્ત નાયબ મામલતદાર પાસેથી આવક કરતા ૧૨૭ ગણી વધારે સંપતી મળી આવી હતી. જે બાદ ACBના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. ત્યારે હવે વધુ એક સરકારી નોકરી કરતા કર્મચારીનો લાંચ લેવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના એક ગામમાં આવેલ આદર્શ આશ્રમ શાળાના મહિલા આચાર્ય પોતે જ શિક્ષક પાસે ૨૦ હજાર રૂપિયાની લાંચ લેતા છઝમ્ના છટકામાં પકડાઈ ગયા હતા.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાનાં બોરફૂવા ગામે આવેલ આદર્શ આશ્રમ શાળાના મહિલા આચાર્યને એસીબીની ટીમે લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડતા ચકચાર મચી ગઈ છે. આ મહિલા આચાર્ય દમયંતિબેન માનજીભાઈ ચૌહાણ એક શિક્ષક પાસે સાતમા અને પાંચમા પગારપંચના સ્ટીકરો મેળવી અને ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલ તૈયાર કરવા તેમજ સર્વિસબુક સ્કેન કરવા માટે ૨૦ હજાર રૂપિયાની માંગણી કરી હતી. જોકે શિક્ષક આ રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું અને આ મહિલા આચાર્ય વ્યારા ઉનાઈ રોડ ઉપર લાંચની રકમ લેવા માટે આવ્યા હતા આ દરમિયાન એસીબીની ટીમે તેમને લાંચની રકમ સ્વીકારતા રંગે હાથે ઝડપી પાડી હતી. હાલમાં બનાવ અંગે એસીબી ટીમે આગળની કાર્યવાહી હાથ ધરી છે. જાણકારી મુજબ, મહિલા આચાર્ય છેલ્લા ૩૩ વર્ષોથી શાળામાં ફરજ બજાવી રહ્યા હતા અને તેમણે માસિક રૂપિયા ૪૨૦૦૦ સુધીનો પગાર મળતો હતો, જોકે તેમ છતાં લાંચિયા મહિલા આચાર્યને આટલો પગાર ઓછો પડતો હોય તેમ તેઓ લાંચ માગી રહ્યા હતા.

ઉલ્ટી ગંગા: પત્નિના ત્રાસથી પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી

માથાભરે પત્ની જમવાનું નથી આપતી અને ગંદી ગાળો આપી માર મારે છે

અમદાવાદ,તા.૧૧

અત્યારસુધીમાં તમે ઘર કંકાસના અનેક કિસ્સા સાંભળ્યા હશે. જેમાં મોટાભાગે પતિએ પત્ની પર અત્યાચાર ગુજાર્યો હોવાનો આરોપ હોય છે. જોકે, શહેરના નવરંગપુરામાં એક પત્ની માથાભારે બનીને પતિ પર અત્યાચાર ગુજારતી હોવાની પોલીસ ફરિયાદ દાખલ થઈ છે. ફરિયાદી વ્યક્તિએ વર્ષ ૨૦૧૧માં મહેસાણાની એક મહિલા સાથે પરિવારની સંમતિ વગર લગ્ન કર્યા હતા. લગ્નના શરૂઆતના સમયમાં તેની પત્ની સારી રીતે રહેતી હતી.

પરંતુ કેટલાક સમય બાદ નાની નાની બાબતોમાં ફરિયાદી અને તેના માતા-પિતા સાથે ઝઘડા કરતી હતી. જે બાદમાં તેઓ વર્ષ ૨૦૧૬માં નવરંગપુરા ખાતે મકાન લઈને તેમના પુત્ર સાથે અલગ રહેવા માટે ગયા હતા. જોકે, ત્યાં પણ તેની પત્ની તેમને બે ત્રણ દિવસ સુધી જમવાનું બનાવી આપતી ન હતી. આ કારણે ફરિયાદી અને તેમનો પુત્ર ફ્લેટમાં આસપાસના રહીશોને ત્યાં જમવા માટે જતા હતા.

જે અંગેની જાણ તેના માતાપિતાને થતા તેઓ પણ અહીં રહેવા માટે આવ્યા હતા. આ સમયે ફરિયાદીની પત્ની તેની માતાને ગંદા શબ્દો બોલતી હતી. ફરિયાદીની માતા તેમના માટે રસોઈ બનાવતી હતી ત્યારે તેની પત્નીએ માથાના વાળ પકડીને મારી નાંખવાની ધમકી આપી હતી. જોકે, તેના પુત્રએ આજીજી કરતા તેને છોડી દીધી હતી. બાદમાં ચોથી ફેબ્રુઆરીએ ફરિયાદીની પત્નીએ ચોથા માળેથી પાણીની બોટલ નીચે નાંખી હતી. ફરિયાદીએ આ અંગેનું કારણ પૂછતાં તેણે બીભત્સ ગાળો આપીને લાફા માર્યા હતા. જેની જાણ પોલીસને કરતા હાલ પોલીસે આ સમગ્ર મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

રામોલ પોલીસે યુવકને ૧.૩૪ કરોડની રોકડ સાથે ઝડપી પાડ્યો

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં આગામી ૨૧મી ફેબ્રુઆરીના રોજ ૬ મહાનગરમાં ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી દરમિયાન દારૂ અને રોકડની હેરાફેરી પર પોલીસ અને ચૂંટણીપંચ ખાસ વોચ રાખતું હોય છે. રામોલ પોલીસે રૂ. ૧.૩૪ કરોડની રકમ સાથે આંગડિયા પેઢીના કર્મચારીની રિંગ રોડ પરથી અટકાયત કરી છે. યુવકને રોકડ રકમ અંગે પુછતાં તેની પાસે રકમ બાબતે કોઈ આધાર પુરાવા ન હોય રૂ. ૧.૩૪ કરોડની રકમ કબ્જે કરી કાર્યવાહી કરવામાં આવી છે.

ચૂંટણી દરમિયાન મતદારોને રિઝવવા માટે રોકડ રકમ અને દારૂની લાલચ ન આપવામાં આવે તેને લઈ ચૂંટણીપંચ દ્વારા પોલીસને ખાસ સૂચના આપવામાં આવે છે. ત્યારે રામોલ પોલીસે રિંગ રોડ પર દાલબાટી રેસ્ટોરાં પાસેથી બાતમીના આધારે ભાવેશ વાળંદ (ઉ.વ.૨૮- રહે. વાણીયા શેરી, સોખડા)ની રૂ ૧.૩૪ કરોડ સાથે અટકાયત કરી લીધી હતી.

રામોલ પીઆઈ કે.એસ. દવેના જણાવ્યા મુજબ, ભાવેશ નવરંગપુરા પી. પ્રવીણ નામની આંગડિયા પેઢીમાં નોકરી કરે છે અને આ રોકડ રકમ મુંબઈ મલાડ ખાતે આપવા જતો હોવાનું જણાવે છે. જો કે, આ રૂપિયા કોના છે તે બાબતે કોઈ આધાર પુરાવા ન હોવાથી તેની અટકાયત કરી રોકડ રકમ કબ્જે કરી છે.

ગોંડલમાં ચડ્ડી-બનિયાનધારી ચોરોનો આતંક, સુરક્ષા કર્મચારીઓના ઘરમાં ત્રાટક્યા

ગોંડલ,તા.૧૧

ગોંડલ કોટડાસાંગાણી રોડ પર રઘુવીર સોસાયટીમાં રહેતા નિવૃત પીએસઆઈના પુત્રના ઘર અને એસ.આર.પી મેનના ઘરને ચાર ચડ્ડી-બનિયાનધારી શખ્સોએ નિશાન બનાવી ઘરફોડ ચોરી કરી છે. આ સુરક્ષા કર્મચારીઓના ઘર અસુરક્ષિત બનતા લોકોમાં ભયનો માહોલ ફેલાવા પામ્યો છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના કોટડાસાંગાણી રોડ પર આવેલ રઘુવીર સોસાયટીમાં રહેતા રાજવીર એન્ટરપ્રાઈઝ વાળા રાજભા ગોહિલ કે જેઓ નિવૃત પી.એસ.આઈ જયદેવસિંહ ગોહિલના પુત્ર છે. તેઓના અને તેની પાસે આવેલા કર્મચારી રાજેન્દ્રસિંહ ગોહિલના ઘરમાં ચાર ચડ્ડી-બનિયાનધારી શખ્સોએ ત્રાટકી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.

એસઆરપીમાં ફરજ બજાવતા રાજેન્દ્રસિંહ ગોહિલ તેઓના વતનના ગામ પરિવાર સાથે ગયા છે. જેથી બંધ મકાનની તસ્કરો દ્વારા રેકી કરવામાં આવી હતી પ્રથમ રાજભા ગોહિલના મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. બાદમાં ત્યાંથી એસઆરપી કર્મચારીના મકાનમાં ત્રાટકી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ઘટના અંગે સીટી પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસ તપાસ બાદ ઘરમાંથી કેટલા મુદ્દામાલની ચોરી થવા પામી છે તે હકીકત બહાર આવશે.

મહત્વનું છે કે, જે રીતે ગોંડલમાં છેલ્લા થોડા સમયથી ચોરીની ઘટનાઓમાં વધારો જોવા મળ્યો છે. ત્યારે રઘુવીર સોસાયટીમાં થયેલી ચોરી સીસીટીવીમાં કેદ થઈ છે. જેનાથી પોલીસને ચોરીનો ભેદ ઉકેવામાં જલ્દી સફળતા મળે તેવી પણ શકયતા સેવાઈ રહી છે. બીજી તરફ પોલિસ રાતના સમયે વધુ પેટ્રોલિંગ કરે તેવી પણ લોક માંગણી ઉઠી છે.

સુરતના વેડરોડ વિસ્તારમાં મકાન આગ લાગતા અફરાતફરી મચી

સુરત,તા.૧૧

સુરત શહેરના વેડરોડ રિવર પાર્ક સોસાયટીના એક મકાનમાં આગ અચાનક આગ ફાટી નીકળતા પરિવાર બુમાબૂમ સાથે દોડતું થઈ ગયું હતું. ઘટનાની જાણ બાદ સોસાયટીમાં અફરાતફરી નો માહોલ જોવા મળ્યો હતો. દેવસ્થાન મંદિર માં કરેલી અગરબત્તીના તણખાંને લઈ આગ લાગ્યાનું અનુમાન કરાઈ રહ્યું છે.

વહેલી સવારે સર્જાયેલી આ આગની દુર્ઘટનામાં ઘર વખરીનો તમામ સમાન બળીને ખાખ થઈ ગયો હતો. સુરત ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી ને તાત્કાલિક આગ પર પાણીનો મારો કરી આગ કાબુ લેવાનો પ્રયાસ શરૂ કરતાં લોકોએ રાહતનો દમ લીધો હતો. ૩૦ મિનિટમાં ફાયર વિભાગે ભારે જેહમત ઉઠાવી આગ કાબૂમાં લીધી હતી.

ભેજાબાજે વકીલને ફોન પર વાતો કરી એકાઉન્ટમાંથી ૧.૬૦ લાખ ઉપાડી લીધા

સુરત,તા.૧૧

ગુજરાત પોલીસ દ્વારા સતત સાઈબર ક્રાઈમમાં ફસાઈ ના જવાય તે માટે કઈ રીતે સાવધાની રાખવી તે અંગે માહિતી આપવામાં આવે છે. આમ છતાં ઘણાં લોકો ભેજાબાજ વ્યક્તિઓની ઊંધી-સીધી વાતોમાં ફસાવાના કિસ્સા બનતા રહે છે. આવો વધુ એક કિસ્સો સુરતમાં બન્યો છે જ્યાં એક વકીલને ગૂગલ પરથી

નંબર લઈને સામાન્ય ફોન કરવાના ચક્કરમાં દોઢ લાખ કરતા વધુ રુપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. આ ઘટના બન્યા બાદ ઓનલાઈન સાઈબર ક્રાઈમની ફરિયાદ નોંધાવી છે. આ સાથે આ ઘટના અંગે અડાજણ પોલીસ સ્ટેશનમાં પણ ગુનાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.અમીષ ચંદ્રકાંત મહેતા નામના ૪૦ વર્ષના વકીલ કે જેઓ અડાજણમાં રહે છે તેમણે મ્યુચ્યુલફંડ એકાઉન્ટના ટ્રેન્ઝેક્શન એક્સેસસ માટે ગૂગલ સર્ચ કરીને ફોન નંબર લીધો હતો. પરંતુ તેમને ખ્યાલ નહોતો કે સામે છેડે તેમણે જે જગ્યા પર નંબર જોડ્યો છે ત્યાં નહીં પરંતુ છેતરપિંડી કરનારા લોકોને નંબર લાગ્યો છે.સામેના છેડેથી ફોન પર વાત થયા બાદ અમીષ મહેતાને ગૂગલ પ્લેસ્ટોર પરથી ક્વીક શેર અને ટીમ વ્યુઅર એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને આઈડી નંબર મેળવી લીધો હતો. આ પછી છેતરપિંડી કરી રહેલા શખ્સો પોતાનું કામ સરળતાથી કરી રહ્યા હતા પરંતુ વકીલ આ વાતથી અજાણ હતા. વકીલે પોતે ડાઉનલોડ કરેલી એપના આઈડી અને કોડ સામેના છેડે પહોંચાડી દીધા હતા એટલે કે તેઓ પોતાના ફોનનો જે રીતે ઉપયોગ કરે તે બધું બીજી તરફ બેઠેલા લોકો જોઈ શકતા હતા. વકીલ અમીષ કશું સમજે તે પહેલા ઈ-બેંકિંગ કર્યાની ગણતરીની મિનિટો પછી તેમના અકાઉન્ટમાંથી ૧.૬૦ લાખ રુપિયા નોવોપે સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડમાં ટ્રાન્સફર થયા હોવાનો મેસેજ આવ્યો હતો. અમીષે તાત્કાલિક બેંકમાં ફોન કરીને પોતાનું અકાઉન્ટ સ્ટોપ કરાવી દીધું અને પોતાની સાથે બનેલી ઘટના અંગે સાઈબર ક્રાઈમમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી અને અડાજણ પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરી હતી.

૨૬ દિવસમાં ૭૦ લાખથી વધુ લોકોએ લીધી રસી

સૌથી ઝડપી કોરોનાની વેક્સીન આપવામાં ભારત નંબર વન

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતમાં ૨૬ દિવસોમાં ૭૦ લાખથી વધુ લોકોએ કોરોનાની રસી લીધી છે. આ સાથે જ ભારત આટલા ઓછા દિવસોમાં વેક્સીનેશનના આ આંકડા સુધી પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. જ્યારે આ આંકડા સુધી પહોંચવામાં અમેરિકાને ૨૭ અને બ્રિટનને ૪૮ દિવસનો સમય લાગ્યો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી કોઈનું મરણ નથી નોંધાયું. ૧૧ ફેબ્રુઆરી સવારે ૮ વાગ્યા સુધી દેશભરમાં ચાલી રહેલા વેક્સીનેશન અભિયાન અંતર્ગત ૭૦ લાખથી વધુ લોકોને રસી આપવામાં આવી ચૂકી છે.

મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, અત્યાર સુધીમાં કુલ ૭૦,૧૭,૧૧૪ લોકોને વેક્સીન આપવામાં આવી છે. જેમાં ૫૭,૦૫,૨૨૮ સ્વાસ્થ્ય કર્મચારીઓ સામેલ છે. જ્યારે ૧૩,૧૧,૮૮૬ ફ્રન્ટલાઈન વર્કર્સ છે. અત્યાર સુધી કુલ ૧,૪૩,૦૫૬ સેસન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ ફેબ્રુઆરીએ ૮,૩૦૮ સેન્ટરમાં ૪,૦૫,૩૪૯ લાભાર્થીઓને રસી આપવામાં આવી.

દિન-પ્રતિદિન વેક્સીન લેનારાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. દેશના ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રજીસ્ટર્ડ સ્વાસ્થ્ય કર્મચારીઓના ૬૫ ટકાથી વધુ કર્મચારીઓને રસી અપાઈ ચૂકી છે. જેમાં બિહારમાં સૌથી વધુ ૭૯ ટકા રજીસ્ટર્ડ સ્વાસ્થ્ય કર્મચારીઓએ રસી લીધી છે. અત્યાર સુધીમાં ૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૪૦ ટકાથી ઓછા રજિસ્ટર્ડ સ્વાસ્થ્ય કર્મચારીઓને વેક્સીન અપાઈ છે. જેમાં પુડુચેરીમાં સૌથી ઓછી ૧૭.૫ ટકા કર્મચારીઓને જ રસી લગાવાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોરોનાના કારણે કોઈ વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો નથી.

રાજકોટમાં પસ્તી ભંડારમાં મોડી રાત્રે આગ લાગતાં ખળભળાટ મચ્યો

રાજકોટ,તા.૧૧

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા પારેખ પસ્તી ભંડારમાં મોડી રાત્રે કોઈ કારણોસર ભીષણ આગ લાગી હતી. આથી આજુબાજુના વિસ્તારોમાં રહેતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાને પગલે ૧૦થી વધુ ફાયર ફાઈટર દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ લાગવા પાછળનું કારણ અકબંધ છે. ભંગારના આ ડેલામાં પસ્તી, વાયર, પ્લાસ્ટિક અને ઓઈલ કેનનો મોટા જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. આગ લાગતા જ તમામ વસ્તુમાં પ્રસરી હતી અને વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. આગ પર કાબૂ મેળવાય તે પહેલા તમામ વસ્તુઓ બળીને ખાખ થઈ હતી. આગની જાણ થતા જ રાજકોટ મનપાની ચૂંટણી લડનારા ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દોડી ગયા હતા. આગ પર કાબૂ મેળવવા સ્થાનિક લોકોની મદદ મળી હતી. આસપાસના ઘરમાં પાણીની મોટરો પણ ચાલુ કરી દેવામાં આવી હતી. આથી આગ થોડીવારમાં જ કાબૂમાં આવી ગઈ હતી.

જો કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આથી ફાયરબ્રિગેડ સહિત તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. વિકારળ આગને કારણે આસપાસમાં રહેતા ભરનિંદ્રામાંથી ઉઠીને બહાર નીકળી ગયા હતા. થોડીવાર માટે ભંગારના ડેલામાં કામ કરતા કર્મચારીઓમાં પણ નાસભાગ થઈ હતી.

અમદાવાદમાં ઓનલાઈન ઠગ કરનાર આરોપી દિલ્હીથી ઝડપાયો

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના ઠક્કરબાપાનગર વિસ્તારમાં **Cash payme** નામના વેબ પોર્ટલથી ઓનલાઈન મની ટ્રાન્સફર માટે વધુ કમિશન મળશે તેમ કહી રોકડા રૂપિયા લઈ વેપારીના ખાતામાં ૩ લાખ રૂપિયા જમા ન કરીને ઠગ ટોળકીએ એક વેપારી સાથે છેતરપિંડી આચરી હોવાની કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની તપાસ આખરે સાયબર ક્રાઈમને સોંપાતા સાયબર ક્રાઈમના અધિકારીઓએ આ કેસના આરોપીને દિલ્હીથી ઝડપી પાડ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત વિગતો પ્રમાણે સાયબર ક્રાઈમના અધિકારીઓએ આરોપીને શોધવા માટે ટેકનિકલ એનાલિસીસ કર્યું હતું. જેના આધારે આરોપી હાલ નવી દિલ્હીમાં સૈયદગાંવમાં હોવાનું જાણવા મળ્યું હતું, સાયબર ક્રાઈમના અધિકારીઓએ સૈયદગાંવથી આરોપી પ્રિન્સ ઉર્ફે દિપકની અટક કરી હતી અને તેને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. અમદાવાદ લાવ્યા બાદ તેની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. આરોપી હાલમાં ગુડગાંવની એક ખાનગી કંપનીમાં સોફ્ટવેર તથા માર્કેટિંગને લગતું કામ કરે છે. તેણે કોમર્સ ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ કર્યો છે. હાલમાં તેણે આવા કેટલા પ્રકારના ગુના આચર્યા છે તેની તપાસ શરુ કરવામાં આવી છે.

બુલેટ પર પોલીસની તવાઈ: નવસારીમાં ૭૦ બુલેટ જપ્ત

મુંબઈ,તા.૧૧

રાજ્યમાં હાલમાં જ પ્રદેશ વાહનવ્યવહાર મંત્રીએ ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાને પત્ર લખી બેફામ બુલેટ હંકારતા અને અવાજ પ્રદૂષણ કરતાં લોકો સામે કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. જે બાદથી રાજ્યમાં હવે બુલેટ પર તવાઈ બોલાવવામાં આવી રહી છે.

થોડા દિવસ ગોધરામાં બુલેટ જપ્ત કરવાના સમાચાર સામે આવ્યા હતા. તેવામાં આજે નવસારીમાં ૭૦ બુલેટ જપ્ત કરવામાં આવ્યા છે. સુરત ટ્રાફિક પોલીસ દ્વારા ધૂમ સ્ટાઈલ બાઈકચાલકો સામે લાલ આંખ કરી છે.

થોડા દિવસ પહેલાં ગોધરા શહેર ટ્રાફિક પોલીસે સપાટો બોલાવતો ધ્વનિ પ્રદુષણ ફેલાવતા ૨૧ બુલેટ બાઈક ડિટેઈન કર્યા હતા. જે બાદ આજે નવસારીમાં ઘોંઘાટ ફેલાવતાં ૭૦ બુલેટ બાઈકને જપ્ત કરવામાં આવ્યા છે. જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા બુલેટ પર તવાઈ બોલાવવામાં આવી હતી. અને ૭૦ બુલેટચાલકો સામે કાર્યવાહી કરી હતી.

તો બીજી બાજુ સુરત ટ્રાફિક પોલીસ દ્વારા ધૂમ સ્ટાઈલ બાઈક ચાલકો સામે લાલ આંખ કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસ દ્વારા અલગ અલગ પોઈન્ટ ગોઠવી ૬ કેસો કરવામાં આવ્યા છે. પોલીસે ૬ બાઈકો અને ૨ કાર કબ્જે કરી ૩૦૮ મુજબ ગુનો નોંધ્યો છે. આ તમામ આરોપીઓ લોકોના જીવ જોખમમાં મુકાય તે રીતે બાઈકો અને કાર ચલાવતા હતા.

આગામી સમયમાં ટ્રાફિક પોલીસ દ્વારા હજુ પણ આવા બાઈકચાલકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

ખેડૂતો આકરા પાણીએ: ૧૮ ફેબ્રુઆરીએ દેશભરમાં ટ્રેન રોકો અભિયાન ચલાવશે

ન્યુ દિલ્હી,તા.૧૧

સંસદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તરફથી ખેડૂતોને આંદોલન ખતમ કરવાની અપીલથી વિપરીત ખેડૂતોએ પોતાના આંદોલનનો વિસ્તાર વધારવાની યોજના બનાવી છે. ખેડૂતોના સંગઠન સંયુક્ત કિસાન મોરચા એ આજે બુધવારે જાહેરાત કરી હતી કે, ૧૮ ફેબ્રુઆરીએ દેશભરમાં ૪ કલાક માટે ટ્રેન રોકો અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે.

ખેડૂતોના સંગઠન સંયુક્ત કિસાન મોર્ચાના નેતા ડૉક્ટર દર્શન પાલ તરફથી કહેવામાં આવ્યું હતું કે, આગામી એક સપ્તાહના કાર્યક્રમની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. મોર્ચાએ જણાવ્યું હતું કે, સંયુક્ત કિસાન મોર્ચાની આજની બેઠકમાં આંદોલનને વધારે વેગીલુ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે આગામી દિવસો આંદોલન કેવી રીતે ચાલશે તેની યોજનાનો ખુલાસો પણ કરવામાં આવ્યો છે.

રાજધાની દિલ્હી સહિત દેશના કેટલાક ભાગમાં છેલ્લા ૭૦થી વધારે દિવસોથી ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. હવે સંયુક્ત કિસાન મોરચાએ ૧૮મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રવ્યાપી રેલ રોકો આંદોલનની જાહેરાત કરી છે. ૧૮મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી દેશમાં રેલ રોકો આંદોલન ચલાવવામાં આવશે. તો ૧૨મી ફેબ્રુઆરીથી રાજસ્થાનમાં તમામ ટોલ પ્લાઝા પર ખેડૂતો માટે ફ્રી કરવામાં આવશે. ૧૪મી માર્ચે ખેડૂતો પુલવામા હુમલાની વર્ષગાઠ નિમીતે કેન્ડલ માર્ચનું આયોજન કરશે.

કિસાન મોરચાએ કહ્યું હતું કે, હરિયાણાના લોકો ભાજપ અને જેજેપીના નેતાઓ પર દબાણ વધારે અને ખેડૂતોના હિતમાં નેતાઓને પોતાની ગાદી છોડવા માટે મજબૂર કરે. આ પહેલા ખેડૂત સંગઠનોએ ૨૬મી જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલીનું આયોજન કર્યુ હતુ. જે દરમ્યાન દિલ્હીમાં હિંસા ભડકી હતી. જે બાદ ૬ ફેબ્રુઆરીએ ત્રણ કલાક સુધી ચક્કાજામનું પણ એલના કર્યુ હતુ.

દિલ્હીમાં આંદોલન સાથે જોડાયેલા ખેડૂતોના સંગઠનોએ એક સંયુક્ત નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે, કેન્દ્રના કૃષિ કાયદાઓના વિરોધમાં આગામી ૧૮મી ફેબ્રુઆરીએ રેલ રોકો આંદોલન કરવામાં આવશે. ચાર કલાક સુધી આ રેલ રોકો આંદોલન ચાલશે, જેમાં શાંતિપૂર્વક રીતે રેલવેના પાટા પર જઈને ટ્રેનોને રોકવામાં આવશે.

સંયુક્ત કિસાન મોર્ચા દ્વારા જારી એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આગામી ૧૮મી તારીખે સમગ્ર દેશમાં જ્યાં પણ ટ્રેનો ચાલી રહી છે ત્યાં ટ્રેનોને બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી રોકવામાં આવશે. એટલુ જ નહીં રાજસ્થાનમાં આગામી ૧૨મી તારીખથી બધા જ ટોલ પ્લાઝા પર ટોલ કલેક્શન બંધ કરાવી દેવામાં આવશે. આ પહેલા ત્રણ કલાક સુધી વિવિધ રાજ્યોમાં હાઈવે અને અન્ય રોડ પર ત્રણ કલાક સુધી ખેડૂતોએ ચક્કાજામ કર્યો હતો અને હવે રેલવે રોકો આંદોલનની જાહેરાત કરી છે.

ઋષિગંગા નદીમાં જળસ્તર વધતા ટનલમાં રેસ્ક્યુ કામ અટકાવાયું

દહેરાદૂન,તા.૧૧

ચમોલીમાં ગુરુવારે ઋષિગંગા નદીમાં જળસ્તર વધી જવાથી તપોવન સ્થિત ટનલમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવા માટેનું રાહત અને બચાવ કાર્ય અટકાવવાની ફરજ પડી છે. તપોવન ટનલમાંથી મજૂરોને બહાર કાઢવામાં લાગેલી ટીમને પુરને પગલે ટનલમાંથી બહાર નિકળવાની ફરજ પડી છે. જળસ્તરમાં એકાએક વધારો થતા અફરાતફરી મચી ગઈ હતી. ઉત્તરાખંડના ડીજીપી અશોક કુમારે જણાવ્યું કે, ચમોલી જિલ્લામાં બચાવ કાર્યને થોડીવાર માટે રોકવાની ફરજ પડી છે. ઋષિગંગા નદીમાં પાણીનું લેવલ ઘણું વધી ગયું છે. ૭ ફેબ્રુઆરીએ નંદા દેવી સ્થિત ગ્લેશિયર ફાટતાં જળ પ્રલયની ઘટના બની હતી. નજીકમાં જોશીમઠ ખાતે અને તપોવન નજીક પાવર પ્રોજેક્ટને મોટાપાયે નુકસાન થયું હતું અને ટનલમાં ઘસમસતા પાણીના પ્રવાહ સાથે કાટમાળ ઘુસી જતા અનેક લોકો ફસાઈ ગયા હોવાની આશંકા છે. ચાર દિવસથી કાટમાળ હટાવીને ટનલમાંથી મજૂરોને બહાર કાઢવા માટેની કામગીરી ચાલી રહી છે. હવે જળ સ્તરે કેવી રીતે વધ્યું તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. રૈની ગામમાંથી માહિતી મેળવવાના પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

મોરબીમાં લેન્ડ ગ્રેબીગ હેઠળનો પ્રથમ ગુનો નોંધાયો, કુખ્યાત દાઉદે જમીન પચાવી દુકાનો બનાવી દીધી

મોરબી,તા.૧૧

મોરબીમાં જમીન કબજા અને ગેરકાયદે દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે. જેમાં પહેલા માલિકીની કિંમતી જગ્યા પર દબાણ કરે અને બાદમાં ત્યાંથી ખાલી કરવા તગડા ભાવ વસુલે છે. ત્યારે મોરબીમાં અનેક ગુનાઓમાં સંડોવણી ધરાવતા કુખ્યાત શખ્સ સામે જમીન પચાવી પાડવાનો લેન્ડ ગ્રેબિંગ હેઠળ પ્રથમ ગુનો નોંધાતા ચકચાર મચી જવા પામી છે. જેમાં મોરબીના કાલિકા પ્લોટમાં રહેતા અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગુનાઓમાં સંડોવણી ધરાવતા દાઉદ મહમદ પલેજા ઉર્ફે દાવલા વિરુદ્ધ ગુનો નોંધાયો છે. પશુપાલન વિભાગની ઘેટા સર્વધન ફાર્મની જમીન પચાવી પાડી દુકાનો બનાવવા મામલે ગુનો નોંધાયો છે. જેમાં મોરબી બી ડીવીઝન પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર વટહુકમ ૨૦૨૦ની કલમ-૩,૪(૧)(૩),૫(૩) મુજબ નોંધી આગળની તપાસ મોરબી બી ડીવીઝન પોલીસે હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, મોરબીમાં નવા કાયદા હેઠળ આ પ્રથમ ગુનો નોંધાયો છે ત્યારે ગેરકાયદે દબાણ કરતા માફિયાઓમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કોઈપણ પ્રકારની મિલકત પચાવી પાડનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સીએમ રૂપાણીએ આ અંગે માહિતી આપતા કહ્યુ હતુ કે, કોઈપણ જમીન, મિલકત, ઓફિસ કે દુકાન પચાવી પાડી હોય કે ગેરકાયદેસર ઘુસી કબજે લઈ લીધી હશે તેની સામે આ કાયદો લાગુ પડશે. આ કાયદા હેઠળ ન્યાય માટે કલેક્ટરને પુરાવા સાથે અરજી કરવાની રહશે.

બાઈડને ચીનની દાદાગીરી અને ખોટી આર્થિક નિતિઓને લઈ ચિંતા વ્યક્ત કરી

રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રથમવાર બાઈડેન-જિનપિંગ વચ્ચે થઈ વાતચીત



સહયોગ જ બંન્ને પક્ષો માટે યોગ્ય વિકલ્પ છે: જિનપિંગ

વૉશિંગ્ટન,તા.૧૧

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાયડને કાર્યભાર સંભાળ્યા બાદ પહેલી વાર ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે ફોન પર વાતચીત કરી. બાયડને ચીની રાષ્ટ્રપતિ સાથે પહેલી જ વાતચીતમાં માનવાધિકાર, વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાને લઈને કડક સંદેશ આપી દીધો.

બાયડને યુરોપ અને એશિયામાં તમામ સહયોગિઓની સાથે ફોન પર વાતચીત કરી ચૂક્યા છે.

બાયડને એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે તે ફક્ત અમેરિકન રાષ્ટ્રપતિ તરીકે નહીં પરંતુ દુનિયાની લોકતાંત્રિક વ્યવસ્થાઓ તરફથી ચીનને પહોંચી વળશે. બાયડન પ્રશાસનના એક વરિષ્ઠ અધિકારીએ ન્યૂઝ ચેનલ એનબીસીને કહ્યું કે કે અમેરિકા ચીનની ભૂલોને લઈને જવાબદેહી નક્કી કરવા બાકી દેશોનો સહકાર ઈચ્છે છે.

વ્હાઈટ હાઉસ તરફથી જારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બાયડને જિનપિંગ સાથેની વાતચીતમાં ચીનની દાદાગીરી અને ખોટી આર્થિક નીતિઓને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત બાયડને માનવાધિકારના મુદ્દાને ઉઠાવ્યો અને હિંદ પ્રશાંત ક્ષેત્રને મુક્ત બનાવી રાખવાની વાત કરી. બન્ને નેતાઓની વચ્ચે કોવિડ ૧૯, જળવાયુ પરિવર્તન અને અન્ય મુદ્દાઓ પર સહયોગ વધારવાના લઈને ચર્ચા થઈ.

બાયડને ટ્વિટ કર્યું કે મે આજે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાતચીત કરી અને તેમને ચીની નવ વર્ષની શુભકામનાઓ આપી. મે ચીનની આર્થિક નીતિઓ, માનવાધિકારોના ઉલંઘન અને તાઈવાનમાં તેની દાદાગિરીને લઈને ચિંતા પણ વ્યક્ત કરી. મે તેમને જણાવી દીધું કે ચીન સાથે ત્યારે કામ કરીશ જ્યારે તેનાથી અમેરિકાના લોકોને ફાયદો થશે.

ત્યારે ચીની સરકારી મીડિયા મુજબ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે સહયોગ જ બન્ને પક્ષો માટે યોગ્ય વિકલ્પ છે. શી જિનપિંગે કહ્યું કે અમેરિકા અને ચીનને કોવિડ મહામારી, વૈશ્વિક આર્થિક સંકટ અને ક્ષેત્રીય સ્થિરતા જેવા મુદ્દા પર મળીને કામ કરવાની જરુર છે. જિનપિંગે કહ્યું કે ચીન અને અમેરિકાની વચ્ચે મુદ્દાઓ પર મતભેદ છે પરંતુ યોગ્ય એ જ છે કે આપણે એક બીજાનું સન્માન કરીએ. એક બીજાને બરાબરીથી જોઈએ અને સકારાત્મક રીતે વિવાદિત મુદ્દાઓનો ઉકેલ શોધીએ.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.